હવામાનપૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીન
કૃષિ હવામાનશાસ્ત્ર વિભાગ
સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિયુનિવર્સિટી , સરદારકૃષિનગર -૩૮૫૫૦૬
ફોન/ ફેક્ષ : 02748-278267 ઈમેલ: gkmsdantiwada@gmail.com

(સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિયુનિવર્સિટી અને ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ દ્વારા સંપન્ન)

## હવામાન પૂર્વાનુમાન અને કૃષિસલાહ બુલેટીન

## મહેસાણા જિલ્લો

**બુલેટીન નં.: 47** **તા. 11.09.2020**

**પાછલા સમયનું હવામાન: 08-09-2020 થી 11-09-2020**

| | |
|---|---|
| વરસાદ (મી.મી.) | 0.0 |
| મહત્તમ તાપમાન (સે.ગ્રે.) | 35.4 |
| લઘુતમ તાપમાન (સે.ગ્રે.) | 25.5 |
| ભેજ (%) | 56-95 |
| પવનની ગતિ (કિ.મી./ કલાક) | 0-6 |
| વાદળની સ્થિતી (ઓક્ટા) | 0-8 |

**હવામાન આગાહી: 12-09-2020 થી 16-09-2020**

| તારીખ | દિવસ ૧ | દિવસ ૨ | દિવસ ૩ | દિવસ ૪ | દિવસ ૫ |
|---|---|---|---|---|---|
| વરસાદ (મી.મી.) | 3 | 2 | 0 | 0 | 4 |
| મહત્તમ તાપમાન (સે.ગ્રે.) | 36 | 36 | 37 | 36 | 36 |
| લઘુત્તમ તાપમાન (સે.ગ્રે.) | 27 | 27 | 27 | 27 | 27 |
| મહત્તમ ભેજ (%) | 77 | 80 | 78 | 75 | 84 |
| લઘુત્તમ ભેજ (%) | 47 | 63 | 51 | 49 | 47 |
| પવનની ગતિ (કિમી./કલાક) | 10.5 | 14.3 | 15.1 | 15.4 | 14.2 |
| પવનની દિશા (ડીગ્રી) | 292 | 283 | 283 | 288 | 257 |
| વાદળની સ્થિતિ (ઓક્ટા) | 8 | 8 | 8 | 7 | 8 |

વિસ્તૃત શ્રેણી હવામાન આગાહી મુજબ ગુજરાત રાજ્યમાં આવતા અઠવાડિયા (૧૬ - ૨૨ સપ્ટેમ્બર)માં છૂટીછવાઇ જગ્યાએ સામાન્ય થી વધારે વરસાદ પડવાની સંભાવના છે.

**સામાન્ય**

આગામી પાંચ દિવસમાં આકાશ મોટેભાગે વાદળછાયું રહેશે અને છુટીછવાઇ જગ્યાએ હળવો વરસાદ પડવાની સંભાવના છે. મહત્તમ તાપમાન 36-37 ડીગ્રી. સે. જ્યારે લઘુતમ તાપમાન 27 ડીગ્રી. સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ 47 થી 84 ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ 10-15 કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

ખેડૂત મિત્રોને સલાહ આપવામાં આવે છે કે વાવેતર કરેલ પાકોમાં વરાપ થયે ખેતીકાર્યો જેવા કે નિંદામણ , આંતરખેડ કરવી અને ભલામણ મુજબ પૂર્તિ ખાતર આપવું. પાકની નિયમિત દેખરેખ રાખવી અને હાલની હવામાનની પરિસ્થિતિ મુજબ પાક સંરક્ષણના પગલા લેવા . જીવાતની શરૂઆતની અવસ્થામાં બજારમાં મળતી લીંમડા આધારિત દવાઓ અને બ્યુવેરિયા બેસિઆના પાવડરનો સુકા વાતાવણ દરમ્યાન છંટકાવ કરવો. ખેડુત મિત્રોને સલાહ આપવામાં આવે છે કે હાલના કોવીડ ૧૯ રોગચાળાના મહામારીની પરિસ્થિતિમાં સરકારી માર્ગદર્શિકાનું પાલન કરો તેમજ ખેતી કાર્ય દરમ્યાન વપરાતા ખેત ઓજારોની સાવચેતી થી યોગ્ય રીતે સાફ કરીને ઉપયોગ કરવો.

| પાકનું નામ | પાક અવસ્થા | રોગ/જીવાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| દિવેલા | વૃધ્ધિ |  ચુસિયા પ્રકારની જીવાત | જીવાતના નિયંત્રણ માટે નુકશાનવાળા પાન વિણી તેનો નાશ કરવો ત્યારબાદ ઉપદ્રવ વ્યાપક પ્રમાણમાં દેખાય તો સાયપરમેથ્રિન ૫ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ભેળવીને સુકા વાતાવાણ દરમ્યાન છંટકાવ કરવો . વાવેતર કરેલ પાકમાં વરાપ થયે નિંદામણ અને આંતરખેડ કરવી. |
| હા./ બી.ટી. કપાસ | ચાંપવા/ફુલ/જીંડવા બેસવા |  મૂળખાઇ/મૂળનો સડો | કાર્બેન્ડેઝિમ ૫૦ વે.પા. ૧૦ ગ્રામ અથવા કોપર ઓક્ઝિક્લોરાઇડ ૨૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી જમીનમાં મૂળ વિસ્તારમાં સુકાતા છોડની આજુબાજુ આપવું. |
| મગ | ફુલ/શીંગોની વૃધ્ધિ | - | શિંગો સૂકી અને પરીપક્વ થયેલ હોય તો શિંગોની |

| | | | |
|---|---|---|---|
| | | | પ્રથમ વિણીની કામગીરી હાથ ધરવી. |
| **મગફળી** | પોપટા બંધાવા |  સફેદ ફૂગ | સફેદ ફૂગના કારણે જમીનની સપાટીએથી છોડ તૂટી જાય છે. ટ્રાયકોડર્મા પાવડર ૨.૫ કિ.ગ્રા/હે. કિ.ગ્રા/હે. પ્રમાણે ૫૦૦ કિલોગ્રામ દિવેલાની ખોળ સાથે આપવું. ઉપદ્રવ વધારે હોય તો કાર્બેનડેઝીમ ૦.૦૫ % ૧૦ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણી મિશ્રણ કરી મૂળ વિસ્તારમાં રેડવું. (ડ્રેંચીંગ કરવું). પાકની આ અવસ્થાએ આંતરખેડ કરવાનું ટાળવું. |
| **બાજરી** | નિંઘલ અવસ્થા |  પાનના ટપકાનો રોગ | પુર્તિ ખાતર તરીકે નાઇટ્રોજન પુરતા ભેજે આપવુ. બાજરીના પાકમાં પાનના ટપકાના રોગની શરૂઆત થાય ત્યારે કાર્બેન્ડેઝિમ ૫૦ વે.પા. ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી બે છંટકાવ ૧૫-૨૦ દિવસના અંતરે કરવા. |
| ગુવાર | વૃધ્ધિ/ ફુલ બેસવા | બેકટેરિયલ બ્લાઇટ | પાકમાં બેકટેરિયલ બ્લાઇટ રોગના નિયંત્રણ માટે મેંકોજેબ ૨૫ ગ્રામ દવા ૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો. |
| તુવેર | વૃધ્ધિ | - | વાવેતર કરેલ પાકમાં વરાપ થયે આંતરખેડ કરવી. |
| **વરિયાળી** | વૃધ્ધિ | - | વાવણીના 30 દિવસ પછી 60 કિગ્રા નાઇટ્રોજન/હેક્ટર પુર્તિ ખાતર તરીકે આપવુ. |
| **તલ** | બેઢાનો વિકાસ | ફાયલોડી | લીલા તડતડીયાથી આ રોગ ફેલાય છે માટે નુકશાનવાળા છોડ વિણી તેનો નાશ કરવો |
| **લીંબુ** | - |  લીંબુનું પતંગિયું | બગીચામાંથી ઇયળોનો હાથથી વીણીને નાશ કરવો. ઉપદ્રવની શરૂઆતમાં લીંબોળીના મિંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (અર્ક % ૫ ) ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો. |
| રીંગણ | ફુલ/ફળ અવસ્થા | ડુંખ અને ફળ કોરી ખાનાર ઈયળ | ડુંખ અને ફળ કોરી ખાનાર ઈયળ ની નિયમિત મોજણી અને નિગાહ માટે ખેતરમાં ૪-૬ ફેરોમોન ટ્રેપ પ્રતિ એકર ગોઠવવા. આ ઈયળનો ઉપદ્રવ જણાય તો નુકશાનગ્રસ્ત ડુંખ અને ફળને છોડમાંથી તોડીને જમીનમાં દાટી દેવા. |
| ટામેટા | વૃધ્ધિ | - | રોપણી કરેલ ટામેટાના પાકમાં વરાપ થયે નિંદામણ અને આંતરખેડ કરવી તથા ખાલા પુરવા. |
| ઢોર | - | - | વરસાદના સમયે પશુઓને સુરક્ષિત જગ્યાએ રાખવા. વરસાદ દરમ્યાન ઘાસચારો પાણીથી પલડે નહી તેનું ધ્યાન રાખવું. પશુઓના રહેઠાણમાં માખી મચ્છરથી રક્ષણ માટે ફીનાઇલ છાંટવું. પશુઓના શરીર ઉપર કે કોઢ ગમાણમાં ઈતરડીને દુર કરવા નજીકના પશુ દવાખાનાની સલાહ મુજબ દવાનો છંટકાવ કરવો. |

MINISTRY OF EARTH SCIENCES
INDIA METEOROLOGICAL DEPARTMENT
HYDROMET SECTION, CRS PUNE




NOAA/VIIRS/BLENDED NDVI Composite ending on Week no 36
(02.09.2020 to 08.09.2020) over Agricultural region




Agricultural Vigour is moderate the state.

Source: https://www.star.nesdis.noaa.gov

નોડલ ઓફીસર
એ.એમ.એફ.યુ, દાંતીવાડા